તમે ભારતના એમ્બેસેડર છો, અમને તમારા પર વિશ્વાસ છે

આઈ.બી.ના ઈનપુટને પગલે ગાંધીનગર પોલીસ એલર્ટ

તમામ પ્રવેશદ્વારો પર હથિયારધારી પોલીસ રાઉન્ડ ધ કલોક તૈનાત : હોટલ-ગેસ્ટહાઉસ પર સઘન ચેકીંગ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૬

રાજયમાં ત્રાસવાદીઓની ઘુસણખોરી થઈ ગઈ હોવાના આઈ.બી.ના ઈનપુટને પગલે સમગ્ર રાજય સહિત ગાંધીનગર પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે. ધાર્મિક તહેવારો દરમિયાન આતંકી હુમલાની દહેશતને પગલે ગાંધીનગરમાં અવર જવર કરતા તમામ વ્યકિતઓ તથા વાહનોનું ચેકીંગ શરૂ કરી દેવાયું છે. તે ઉપરાંત રાઉન્ડ ધ કલોક હથિયારધારી પોલીસ પ્રવેશદ્વારો પર તૈનાત કરી દેવામાં આવી છે.

ગુજરાતની સરહદમાં આતંકવાદીઓ ઘુસણખોરી કરી ધાર્મિક તહેવારોમાં આતંકી હુમલાને અંજામ આપી શકે તેવા ગુપ્ત સંદેશાને આધારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ દ્વારા જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને સુરક્ષા સંબંધે તકેદારીના પગલા ભરવા આદેશ આપી જિલ્લામાં આવેલા મહત્વના સ્થળો તેમજ કચેરીઓ અને ભીડભાડ વાળી જગ્યાઓએ સઘન સુરક્ષા કવચ ગોઠવી દેવા જણાવ્યું છે તે ઉપરાંત આવા સ્થળોએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ દ્વારા સઘન એન્ટીસબોટેડ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ પ્રવેશદ્વારો પર રાઉન્ડ ધ કલોક સુસજ્જ હથિયારો સાથે પોલીસ પોઈન્ટ રાખી વાહન ચેકીંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તે ઉપરાંત જિલ્લા વિસ્તારમાં આવેલા મહત્વના સંવેદનશીલ મથકો ઉપર પેટ્રોલીંગ રાખી હોટલ તથા ગેસ્ટહાઉસનું ચેકીંગ સઘન બનાવવામાં આવ્યું હોવાનું એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણે જણાવ્યું છે.

ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો પર રવિવારેના દિવસે પણ આખો દિવસ ચુસ્ત બંદોબસ્ત રખાયો હતો. બહારના મુલાકાતીઓનું સઘન ચેકીંગ પણ કરાતું હતું. આ ઉપરાંત અક્ષરધામ અને વિધાનસભાની આસપાસ બંદોબસ્ત વધારી દેવાયો હતો. સમગ્ર ગાંધીનગરમાં પોલીસ સતર્કતાથી ફરજ બજાવી જડબેસલાક બંદોબસ્તમાં વ્યસ્ત રહી હતી. અગાઉ અક્ષરધામ પર થયેલ આતંકવાદી હુમલાના કારણે પોલીસ સાવધાની પૂર્વક બંદોબસ્ત ગોઠવે છે...

બાંધકામ સમિતિની કાર્યવાહી રદ કરવાના મામલે બળવાખોરોએ બે પંચાયત સચિવ પાસે દાદ માંગી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની કાર્યવાહી રદ કરવાના નિર્ણય સામે બળવાખોર સભ્યોએ પંચાયત સચિવને રિવીઝન અરજી કરી તેમની નિમણુંકને બહાલ રાખવાની દાદ માંગતા કોંગ્રેસ પક્ષ સહિત પંચાયત વર્તુળોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આગામી મંગળવારે બાંધકામ સમિતિના સભ્ય સચિવશ્રીને દસ્તાવેજો સાથે હાજર થવા પંચાયત સચિવે જણાવ્યું છે. આમ હવે જિલ્લા પંચાયતની સમિતિઓની રચના શિસ્ત સમિતિ, કાનૂની વિવાદ અને જૂથબંધીમાં અટવાઈ જવા પામી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પક્ષના મેન્ડેટ વિરૂદ્ધ બળવો કરનારા પાંચ સભ્યોને કારણદર્શક નોટીસ પ્રદેશ સમિતિની શિસ્ત સમિતિએ આપી હોવાના અખબારી અહેવાલોની શાહી હજુ સુકાઈ નથી ત્યાં બળવાખોરો દ્વારા પંચાયત અધિનિયમની જોગવાઈઓને ધ્યાને રાખી રિવીઝન અરજી કરતાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

બીજી તરફ શિક્ષણ સમિતિના કાર્યકારી અધ્યક્ષે પણ હજુ સુધી કાર્યવાહી નોંધ પર સહિ કરી ન હોવાથી મામલો ઘોંચમાં પડેલો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના બળવાખોરો હવે પ્રદેશ સમિતિને પણ ભારે પડી રહ્યા છે અને આગામી દિવસોમાં તેઓ પ્રદેશ સમિતિના નિર્ણયોને પણ પડકારે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રાજકીય ઘટનાક્રમ ખુબ ઝડપથી આગળ વધી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં સમિતિઓની રચનાના મુદ્દે પ્રદેશ સમિતિ પણ હવે તડફડના મૂડમાં !!

● અનુસંધાન પાન-૭ પર

ઈન્દિરા આવાસમાં વર્ષ ૨૦૧૦થી ૧૫ દરમ્યાનના ૭૫૮ આવાસો હજુ પણ અપૂર્ણ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦૮ ઈન્દિરા આવાસના મકાનો બનાવવાના ફાળવેલા લક્ષ્યાંક સામે ૩૧-૩-૧૫ની સ્થિતિએ ૭૫૮ મકાનો બનાવવાના બાકી રહ્યા હતા.

જિલ્લામાં આવાસ યોજનાના અણલીકરણમાં તંત્રની ઉદાસીનતા અંગેના અહેવાલો વારંવાર અખબારોમાં ચમકી ચુક્યા છે.

મરતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧માં ૫૪૭ આવાસો, ૨૦૧૧-૧૨માં ૧૮૬ આવાસો, ૨૦૧૩-૧૪માં ૪૫૦ આવાસો અને ૨૦૧૪-૧૫માં ૨૨૫ આવાસો મળી કુલ પાંચ વર્ષમાં ૧૪૦૮ મકાનોનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો.

જેની સામે ૨૦૧૦-૧૧માં ૧૪ મકાનો, ૨૦૧૧-૧૨માં ૨૮૦ મકાનો, ૨૦૧૨-૧૩માં ૧૦૦ મકાનો અને ૨૦૧૪-૧૫માં ૭૪૨ મકાનો ઓછા બન્યા હતા. જ્યારે ૨૦૧૩-૧૪માં ૩૭૮ મકાનો બનાવવામાં તંત્રને સફળતા મળી હતી.

મળતી વિગતો પ્રમાણે આ પાંચ વર્ષદરમ્યાન રૂ. ૧૧૩૧.૫૭ લાખનો ખર્ચ થયેલ છે. જેમાં ૨૦૧૦-૧૧માં રૂ. ૫૦૪.૬૦ લાખ, ૨૦૧૧-૧૨માં રૂ. ૧૪૬.૯૪ લાખ, ૨૦૧૨-૧૩માં રૂ. ૫૦.૯૨ લાખ, ૨૦૧૩-૧૪માં રૂ. ૧૮૬.૧૬ લાખ અને ૨૦૧૪-૧૫માં રૂ. ૨૪૨.૯૫ લાખનો ખર્ચ થયો હતો.

જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના સહિતની આવાસ યોજનાઓનો મુદ્દો વીજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની બેઠકોમાં પણ સતત છવાયેલો રહ્યો છે પરંતુ તંત્ર તેની ઉદાસીનતા છોડી શક્યુ નથી.

જિલ્લામાંથી ૧૪૦૮ મકાનો બનાવવાની અરજીઓ મળી હતી અને વહીવટીય મંજૂરી પણ અપાઈ હતી તો પછી આટલુ ઉદાસીન વલણ કેમ દાખવવામાં આવી રહ્યું છે તેને લઈ લોકોના મનમાં સવાલો ઉઠી રહ્યા છે.

આજે મહાશિવરાત્રીએ શિવમંદિરો હર હર મહાદેવથી ગાજી ઉઠશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સહિત રાજ્યના મોટા ભાગના શહેરોમાં આવતીકાલે શીવમંદિરો ૐ નમઃ શિવાયના નારાઓથી ગુંજી ઉઠશે. શિવભક્તો ભક્તિભાવ સાથે મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરશે.

આવતીકાલે મહાશિવરાત્રી એટલે ભગવાન શીવની આરાધના અને પૂજા અર્ચનાનો મહા દિવસ મહાશિવરાત્રીના દિવસે શિવમંદિરોમાં ભગવાન શિવની મહાપૂજા કરવામાં આવે છે. જેમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભગવાન શિવલીંગ ઉપર જળાભિષેક અને દૂધનો જળાભિષેક ભગવાન શિવની પૂજા અર્ચના કતાં હોય છે.

કેટલાક શિવમંદિરોમાં ૧૧ કુંડીય મહાયજ્ઞનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. મહાશિવરાત્રીના દિવસે પ્રસાદમાં ભાંગ પીવાનું ખુબજ મહત્વ રહેલું છે.

આવતીકાલે મહાશિવરાત્રીના પર્વે તમામ શિવમંદિરોમાં સવિશેષ શણગાર કરીને મંદિરોને સજાવવામાં આવ્યા છે. આવતીકાલે શિવમંદિરો ભાવિક ભક્તોથી ઉભરાશે અને હર હર ભોલે, ૐ નમઃ શિવાયના નારાઓથી શિવ મંદિરો ગુંજશે.

બ્રાન્ડેડ લેડીઝ વેસ્ટર્ન ગારમેન્ટ્સ

માત્ર રૂ. 150/- થી શરૂ
વન પીસ, જમ્પશુટ, ટોપ, જીન્સ, લેગીન્સ, નાઈટવેર, કૂર્તિ
ઘરેથી વેચાણ કરતા બહેનોને હોલસેલ ભાવે માલ મળશે
L-504, શુકન સ્કાય, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ, ગાંધીનગર. મો. 94269 48933
સમય : બપોરે ૧.૦૦ થી સાંજે ૭.૦૦ ● રવિવારે રજા

સ્ટાફ જોઈએ છે

(૧) બુકીંગ ક્લાર્ક - ૧ (કોમ્પ્યુટર જાણકાર)
(૨) પટાવાળા - ૧ ● (૩) સાઉન્ડ ઓપરેટર - ૧ (કોન્ટાક્ટથી)
(૪) રૂમ એટેન્ડન્ટ - ૨ ● (૫) ઈલેક્ટ્રીશીયન - ૧ (કોન્ટ્રાક્ટથી)
(૬) પ્લમ્બર - ૧ (કોન્ટ્રાક્ટથી)

તમામ જગ્યાઓ ૧૧ માસના કોન્ટ્રાક્ટથી ભરવાની છે. ઈન્ટરવ્યુ તારીખ : ૧૨/૩/૨૦૧૬ના રોજ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અરજી અને અનુભવ સર્ટીફિકેટ સાથે મળવું. આખરી નિર્ણય મેનેજમેન્ટનો રહેશે.

(૨) કડવા પાટીદાર સમાજના વિદ્યાર્થીઓ માટે અને રોજગારલક્ષી પરીક્ષાની તૈયારી માટે વાંચનાલયની સેવા ઉપલબ્ધ છે. રજીસ્ટ્રેશન માટે રૂબરૂ તા. ૧૫/૩/૨૦૧૬ સુધીમાં કાર્યાલયમાં મળવું.

(૩) ઉમા સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતે ફર્નિચરવાળા ૨૫-રૂમ, ૨-ડોર મેટરી હોલ, ૨-મિટીંગ હોલ, લગ્ન માટે છ/ષ્ઠ લગ્ન હોલ (૯૦૦ વાર), ભોજન હોલ (૯૦૦ વાર), રસોડું (૨૦૦ વાર), વગેરે નાના-મોટા પ્રસંગો માટે ફર્નિચર સાથે વ્યવસ્થા ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા એડવાન્સ બુકીંગ કરવામાં આવે છે.

સહી/- (ભરતભાઈ બી. પટેલ) પ્રમુખ
સહી/- (ભોળાભાઈ આઈ. પટેલ) મંત્રી

કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૪૫૩૦૦ (કાર્યાલય)

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મંગી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

તમે ભારતના ઍમ્બેસેડર છો, અમને તમારા પર વિશ્વાસ છે

(તસવીર : કુંતલ નિમાવત)

ગાંધીનગર પી.ડી.પી.યુ. ખાતે પદવીદાન સમારોહમાં મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓને ખૂબ મહેનત કરવા અનુરોધ કરતા જણાવ્યું 'મહેનતનો કોઈ વિકલ્પ નથી અને શોર્ટ કટ જેવી કોઈ વસ્તુ નથી'

ગાંધીનગર, તા. ૭

તમે યુવા વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છો, તમે દરેક ભારતના ઍમ્બેસેડર છો અને અમને તમારી પર વિશ્વાસ છે. તમારી સામે અકલ્પ્ય તકો રહેલી છે અને તમે દેશનું ગ્રોથ ઍન્જિન છો.

ગાંધીનગરના પાદરે સ્થિત પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના ચોથા પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીના ચેરમેન ડૉ. મુકેશ અંબાણીએ પદવી લઈ રહેલા વિદ્યાર્થીઓને સંબોધતાં આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.

પોતાના ભાવવાહી પ્રવચનમાં તેમણે વિદ્યાર્થીઓને શુભકામનાઓ આપતાં તેમના ખભે મોટી જવાબદારી હોવાનો અહેસાસ પણ કરાવ્યો હતો ને જણાવ્યું હતું કે 'માત્ર તમારા કુટુંબ કે કંપની માટે જ નહીં, પરંતુ દેશ માટેય તમે મૂલ્યવાન છો.

તમારી આંખોમાં જે આત્મવિશ્વાસ દેખાય છે એ અમારા જમાનામાં નહોતો. અને આ જ આત્મવિશ્વાસ એ ટ્રાન્સફૉર્મ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરવા માટે જરૂરી છે.

તમે આજે જે સ્થાને પહોંચ્યા છો ત્યાં તમને પહોંચાડવા માટે તમારા વાલીઓ, વડીલોએ ઘણો ભોગ આપ્યો છે, એટલે આજે એ અહીં ઉપસ્થિત હોય કે ન હોય, એમને જરૂરથી પ્રણામ કરજો.

'ટર્ન યોર હેડફોન ઑન' અને 'પુટ ઓન યોર રનીંગ શૂઝ' જેવી ઉપયોગી શીખ અદલ ટૅકનોક્રેટની જબાનમાં આપી તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે તમે એ દેશમાં જીવો છો જ્યાં તમને કોઈપણ તક મળી શકે છે, પરંતુ યાદ રાખજો કે સફળતા રાતોરાત નથી મળતી.

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
મંગી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

તાત્કાલિક જોઈએ છે
નાગર બ્રાહ્મણ વયો વૃદ્ધને ગાંધીનગરમાં ભોંયતળીયે એક રૂમ અથવા પેઈન ગેસ્ટ તરીકે રહેવા માટે ઘરેલું આશ્રય સ્થાન તુર્તજ જોઈએ છે.
સંપર્ક કરો
૯૯૨૪૫ ૦૦૧૯૮

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com